દિવાની પરચુરણ અરજી નં.૧/૨૦૧૯ ના કામે આંક-૧ લગત હુકમ

(૧) હાલની અરજી વાદીએ ડીલે માફ કરવા અંગેની દાખલ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રતિવાદીઓ વિરૂધ્ધ મોજે અગોલ,તા.કડી ગામની જમીન જુનો ખાતા નં.૭૪૧ સ.નં.૧૩૫૧ હે.આરે.ચો.મી.૦-૭૮-૪૮ આકાર રૂ.૫-૦૦ ના નવા ખાતા નં.૮૪૧ ના નવા સ.નં.૨૩૪૧ વાળી જમીન તેઓની સંયુક્ત છે તેથી દાદ માંગતો દાવો કરેલ હતો તે દાવો નામદાર સિવિલ જજ કડીનાઓએ તા.૧૫-૩-૧૬ ના રોજ ગેરહાજરીમાં કાઢી નાખેલ છે, તેઓને વકીલશ્રી તરફથી જાણ થઈ નહતી તથા બિમાર રહેતા હોવાથી ખબર નહતી અને તેઓને દાવો ચલાવવો છે, તેઓનુ હીત છે, જો દાવો ના ચાલે તો તેઓનો જમીનમાંથી હક્ક જતો રહે તેથી સદર દાવો ફરીથી ફાઈલે લેવા હાલની અરજ ગુજારેલ છે.

(૨) વાદીએ હાલની અરજી દાખલ કરતા આ કામના પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ કરતા સમન્સ/નોટીસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને સદર અરજીનો જવાબ આંક-૦૫ થી રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ જણાવેલ છે કે, વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો નથી.

(૩) સદર કેસનુ રેકર્ડ, પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. વાદી તરફે રે.દિ.મુ.નં.૨/૧૧ થી અત્રેની અદાલતમાં દાવો દાખલ કરેલ જે દાવામાં મુદા કાઢયાની નોટીસ વાદીઓને બજેલ તેમ છતાં વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ ન હોય વાદીનો દાવો તા.૧૫-૩-૧૬ ના રોજ વાદીની ગેરહાજરીના કારણે કાઢી નાખવામાં આવેલ હતો.

સમય મર્યાદા અધિનીયમ કલમ-૫ ની જોગવાઈ ધ્યાને લેતા અરજદારે અદાલતને સંતોષકારક પુરતો કારણ આપવુ જોઈએ અને પુરતા કારણમાં આપેલ વિગત મુજબ માંદગી, અરજદારને કેદની સજા અથવા શુભનિષ્ઠાથી ખોટી પ્રક્રિયા અનુસરી હોય અથવા ભુલથી એક ને બદલે બીજી અદાલતમાં કાર્યવાહી કરી હોય તો પુરતુ કારણ ગણાય. કાયદાનો અજાણ કે ભુલ તે પુરતુ કારણ ગણી શકાય નહી અને જો ભુલ શુધ્ધબુધ્ધીપુર્વકની હોય તો પુરતુ કારણ ગણાય કે જે પક્ષકારના અંકુશ બહારનુ કારણ હોય. આ જોગવાઈ મુજબ જે અરજી

કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા આ સમય દરમ્યાન અરજદાર બિમાર રહેતા હોવાથી ખબર નહતી તેમ જણાવેલ છે. વધુમાં પ્રતિવાદીએ પણ તેના જવાબમાં વાદીની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો નથી તેમ જણાવેલ છે. નામદાર સુ.કો. અને નામદાર હાઈકોર્ટ દ્વારા નક્કી કરેલા સિધ્ધાંત મુજબ ફરીથી દાવો ફાઈલે લેવા બાબતે દાવાનુ કારણ અને વિલંબ બાબતે બહુ ટેકનીકાલીટીમાં ન પડતા બંન્ને પક્ષકારોને સાંભળીને યોગ્ય નિર્ણય કરવો જોઈએ તેમ જણાવવામાં આવેલ છે તે મુજબ હાલના દાવા બાબતે વાદીએ જે રજુઆત કરેલ છે તે ધ્યાને લેતા અરજીમાં કરેલ વિલંબ સબબ વાદીને કોસ્ટની રકમ ચુકવ્યેથી વાદીની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/// હુ ક મ //

(૧) અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીનો દાવો રૂ.૨૦૦૦–૦૦ કોસ્ટ ચુકવેથી ફરીથી ફાઈલે લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧–૦૨–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કડી,
તારીખઃ–૧૧.૦૨.૨૦૧૯

(તન્મય ગિરીશચંદ્ર શુકલ)
એડી.સિવિલ જજ–કડી
જીજે ૦૧૧૦૫